Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૯૧ વીર સં. (ચાલુ) ૨૫૧૨
વિક્રમ સંવત ૨૦૪૨ શ્રાવણ

卐 卐 સંવત્સરી । દાન 卐 卐

દુઃખો નિલારતા ને જીવોને તારતા એ
આપે સંવત્સર દાન જિનવર તમામને...આપે
દેવો ધન પૂરતા ને પાપોને ચૂરતા એ
સૂરજ ઉગે ને પ્રભુ ઉઘાડે ધામને
કુંથુજિન એનું નામ
એને નથી રાગ કે કામ !
આપે હાથી – ઘોડા ને ગામ
કરત લોકો એને પ્રણામ
ખુશિયાં મનાંવતા ને વાજાં બજાવતાં ને
ભવ્યત્વ જાણી જીવો ધરતાતા હામને...દુઃખો
એક કરોડને આઠ લાખ
દેઈ દિનમાં હરે સંતાપ
કરતાં જીવો જિનનો જાપ
માને હૈયે તેનો પ્રતાપ !
પ્રિયદર્શન એનું ! ભવ્ય તર્પણ એનું
ભજે ભગવાન પીએ અમૃતના જામને...દુઃખો

卐 卐 સંવત્સરી । દાન 卐 卐

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૮૩ ] ઓગષ્ટ–૧૯૮૬ [ અંક : ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શંખનાદ | કવિ. સ્વ. સુધેશ જૈન નાગોદ | ૧૪૧ |
| (૨) | અનુપમ શ્રી જિન ભક્તિ | પ.પૂ. મુનિરાજશ્રી હરિભદ્રસાગરજી મ.સા. | ૧૪૨ |
| (૩) | ક્ષમાનાં ગુલમહોરોનું ઉપવન | પ. મહારાજશ્રી શીલચન્દ્રવિજયજી મહારાજ સાહેબ | ૧૪૬ |
| (૪) | પર્યુષણ પર્વની લોકોત્તર મંગલ ભાવના | — | ૧૪૮ |
| (૫) | મૈત્ર્યાદિ ભાવનાઓનું સામર્થ્ય | પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણીવર | ૧૪૯ |
| (૬) | વિચાર સાથે વર્તનને જોડો | રામેશ્વર દયાલ દુબે | ૧૫૨ |
| (૭) | હે ગૌતમ! પ્રમાદ ન કર | રતિલાલ માણેકચંદ શાહ | ૧૫૪ |
| (૮) | અષાડા મુનિને કેવળજ્ઞાન | રમેસ લાલજી ગાલા | ૧૫૬ |



## આ સભાના નવા આજીવન સભ્ય

## (૧) શ્રી રસીકલાલ કેશવલાલ શાહ–ભાવનગર

# કાળધર્મ પામ્યા

પ૦ પૂ૦ ભારતી, મહત્તરા સાધ્વી રત્ન શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ તા. ૧૮-૭–૧૯૮૬ના રોજ દિલ્હીમાં વલ્લભ સ્મારકના સ્થાનમાં સવારે આઠ વાગે સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યાં. આગલા દિવસે ત્યાં એકત્રિત થયેલા મહાનુભાવોને એમણે ક્ષમાપના કરી લીધી અને પછી આત્મ સમાધિમાં લીન થઇ ગયાં. બીજે દિવસે સવારે ૬૧ વર્ષની ઉંમરે તેઓ કાળધર્મ પામ્યા. તેર વર્ષની ઉંમરે દીક્ષા લઈને અડતાલીસ વષના દિક્ષા પર્યાય દરમિયાન એમણે શાસન ઉન્નતિના ઘણાં મહાન કામ કર્યા.

પરિશુદ્ધ ચારિત્ર–પાલન, અનન્ય પ્રભુભક્તિ, પરમ ગુરૂભક્તિ, આત્મ વિશ્વાસ, અડગશ્રદ્ધા, વિશદ્ વિચારસક્તિ, અપાર વાત્સલ્ય, ઉંડી સમજશક્તિ, અનોખી દીર્ઘદષ્ટિ, આવશ્યક વ્યવહાર દક્ષતા, તેવા અનેક વ્યાવહારિક અને આધ્યાત્મિક ઉચ્ચ સદ્ગુણો તેઓમાં હતા.

તેઓશ્રીના કાળધર્મથી એક તેજસ્વી સાધ્વીજીની સમસ્ત જૈન સમાજને તેમજ આપણને ખોટ પડી છે. તેઓશ્રીને આ સભા મહદ ભાવભરી અંજલી અર્પણ કરે છે.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૩ ] વિ. સં. ૨૦૪૨ શ્રાવણ : ઓગષ્ટ-૧૯૮૬ [ અંક : ૧૦

# શંખનાદ

કવિ. સ્વ. સુરેશ જૈન નાગોદ

બૈલોંકા શ્રમ ઝલક રહા હૈ, રોટી પર ઔ-દાલ પર,
ગૌઓં કી નિધિ નાચ રહી હૈ, બચ્ચોં કે હર ગાલ પર,

અતઃ જિન્હેં હમ કહતે હૈં પશુ, વહી હમારે દેવતા,
મનુજ કહાકર, દેતે હૈ હમ પશુતા કો હી નેવતા,

ઇતના તો સંહાર ન કરતે, અસુરોં કે અવતાર તક,
પહોંચા દેના યે સ્વર કોઈ, દિલ્લી કી સરકાર તક,

× × × × ×

આજ તુમ્હીં ઇન મૂક નિહત્થે પશુઓં કે ભગવાન હો,
અત: યહાં આવશ્યક ઇન પર આજ તુમ્હારા ધ્યાન હો,

કરો ન ભક્ષક જૈસી કરની, રક્ષક કે ઇસ દેશમેં
ખુલને મત દો વધશાળા 'વીર'–'બુદ્ધ' કે ઇસ દેશમેં

શંખનાદ આજ યહ ગૂંજા દો, સંસદ કે હી દ્વાર તક,
પહુંચા દેના યે સ્વર, કોઈ દિલ્લી કી સરકાર તક.

—"જૈન જગત"ના સૌજન્યથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પર્વાધિરાજના પુનિત દિવસોમાં

# અનુપમ શ્રી જિનભક્તિ દ્વારા

## માનવ જન્મને સાર્થક કરવો ઘટે

લેખક : **તપસ્વી પૂ. મુનિરાજશ્રી હરિભદ્રસાગરજી મ. સા.**

**અ**ખિલ બ્રહ્માંડના તમામ પ્રાણીમાત્રને સાચા અર્થમાં સુખી કરવા, મુક્તિનિલયે પહોંચાડવા, તરણતારણહાર શ્રી જિનેશ્વર ભગવંતોએ ધર્મનો ઉપદેશ ફરમાવ્યો છે. જે જીવાત્મા આ જૈનધર્મને શુદ્ધ ભાવપૂર્વક આરાધે છે. તે આત્મા જરૂર સુખી થાય છે. ધર્મની આરાધના કરવાના મહાન દિવસોરૂપ પર્વ ચક્રવર્તી શ્રી પર્યુષણ મહાપર્વ પધારી રહ્યા છે, એ મોંઘેરાને મનખા મહાપર્વને ભાવપૂર્વક સત્કારી જીવનમહેલમાં સ્થાન આપી સાચા અર્થમાં સુખી થવું જોઇએ. પર્વાધિરાજના પુનિત ને પ્રકૃષ્ટ દિવસોમાં અનંત ઉપકારી ત્રિલોકનાથ ભવસાર્થવાહ શ્રી જિનેશ્વર ભગવંતોની સર્વોત્કૃષ્ટ ભાવે ત્રિકાલપૂજા ભક્તિ કરવી જોઈએ. એઓની એકેકી આજ્ઞાને જીવનમાં ઉતારી દેવદુર્લભ માનવ જન્મને સાર્થક કરવો જોઇએ, દાન-શીલ-તપ-ભાવરૂપા ધર્મકરણી એકચિત્તે જરાય અપેક્ષા રાખ્યા વગર કરવી. જગતમાત્રના જીવો સાથે મન-વચન ને કાયાથી ક્ષમાપના માગવી જોઈએ, ચૈત્યપરીપાટી કરી ધન સંપત્તિને સુપાત્રે ખર્ચી સાર્થક કરવી જોઇએ. આમ જુદાજુદા પ્રકારે શુભ ભાવપૂર્વક ધર્મકરણીઓ કરી પર્વના પુનિત દિવસોમાં વિશેષ પુણ્યભાથું બાંધી લેવું ઘટે......

ચાલુ દિવસોમાં કે પર્વના મહાન દિવસોમાં નિયમિત તારક શ્રી જિનેશ્વર ભગવંતોની ધુપ-દીપ-ફળ-નૈવેદ્ય દ્વારા પૂજા કરવી. જોઇએ, અને આમ નૈવેદ્ય વિ. દ્વારા કરાયેલી પૂજા માનવને શાશ્વત સુખના ધામ મોક્ષે પહોંચાડે છે. શ્રી જિનેશ્વર ભગવંતોના નૈવેદ્ય પૂજા કરવાથી માનવ આ લોકના રાજ્યાદિક વૈભવો ભોગવી પ્રાંતે પરલોકમાં મોક્ષે પણ જાય છે, એ નૈવેદ્ય પૂજા દ્વારા કેવા ઉચ્ચ પ્રકારના લૌકિકને લોકોત્તર સુખો પ્રાપ્ત થાય છે એ ઉપર નીચે પ્રમાણેનો દૃષ્ટાંત વિચારવાથી ખ્યાલ આવશે......

ઘણાં વર્ષો પહેલા વિશાળ એવા આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં કંચનપુર નામનું મહાન નગર હતું. એ નગરનો પદ્મરથ નામનો રાજા ખૂબજ ધર્મનિષ્ઠ ને પ્રજાપ્રિય હતો. રાજાને પુષ્પમાલા, વસંતસેના, પ્રેમવતી, મદનકાંતા, ધનશ્રી, આદિ ૫૦૦, સ્વરૂપવાન રાણીઓ હતી. રાજા ન્યાયથી રાજ્ય ચલાવતો. રંભા, અપ્સરાસમ સુંદર રાણીઓ સાથે દૈવિક સુખ ભોગવતો સમય પસાર કરી રહ્યો હતો. તે જ નગરને છેડે એક નિર્ધન દેવસિંહ નામનો વણિક રહેતો હતો, તેને પ્રિયશ્રી નામની શીલવતી ને ધર્મનિષ્ઠ પત્ની હતી. દેવસિંહે સુખી થવા ઘણા ઘણા ઉપાયો કરેલા પણ કોઈ રીતે તે પૂર્વ પાપોદયે સુખી થયો નહિં. એકદા તે નગરની બાજુના ભયંકર જંગલમાં કંઇક ધનપ્રાપ્તિ થાય એ હિસાબે ફરતો ફરતો ચાલ્યો ગયો. આગળ જતા એ જંગલમાં એક વૃક્ષનીચે મહાનતપસ્વી જૈન સાધુભગવંત કાઉસગ્ગ ધ્યાને ઉભા હતા. દેવસિંહ તરત જ ત્યાં જઇને મુનિરાજશ્રીને વંદન કરી ઉપદેશ સાંભળવા બેઠો. મુનિરાજ પણ કાઉસગ્ગ પાળી યોગ્ય આત્મા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાણી ધર્મનો અમુલખ ઉપદેશ આપવો શરૂ કર્યો. સંસારની અસારતા, કર્મરાજાની બલિહારી, સગા, સંબંધીઓની સ્વાર્થાંધતા, ને ધર્મની અલૌકિકતા વિ.નો વિસ્તારપૂર્વક ઉપદેશ આપ્યો. આ અમૃતમય ઉપદેશ સાંભળી દેવસિંહ તો ખુશ ખુશ થઈ ગયો. ત્યારબાદ એ ઉભો થઇને કહેવા લાગ્યો...ભગવંત હું સાવ નિર્ધન છુ... કોઈ એવો ઉપાય બતાવો જેથી સુખી થાઉં. ત્યારે મુનિરાજશ્રીએ કહ્યું તારક શ્રી જિનેશ્વર ભગવંતોની નૈવદ્યપૂજા નિયમિત ભાવપૂર્વક કરવાથી સંકટ દૂર થાય છે, ને રાજ્યાદિક સત્તા પણ પ્રાપ્ત થાય છે. વાત સાંભળી દેવસિંહે તરતજ મુનિરાજ પાસે નિયમ લીધો કે આજથી નિયમિત હું નૈવેદ્ય દ્વારા ત્રિલોકનાથ-વિશ્વવાલેશ્વર કરૂણા સમુદ્ર, જિનેશ્વર ભગવંતની પૂજા કર્યા પછીજ મુખમાં અન્ન ને પાણી નાખીશ. નિયમ લઈ, વંદન કરી, મુનિરાજનો ખૂબ ખૂબ ઉપકાર માંનતો એ દેવસિંહ જંગલમાંથી ખાવા યોગ્ય ફળોનો ટોપલો ભરી ઘરે આવ્યો ને જે ફળો લાવ્યો હતો તે થોડા ખાવા માટે રાખ્યાને બીજા બજારમાં જઈને વેચી આવ્યો.

એ ફળોના વેચાણ દ્વારા જે ધન આવ્યું તેની થોડી મીઠાઇ લઇને નિયમ પ્રમાણે સ્નાન કરીને એકાદ ફર્લાંગ દૂર રહેલ અનંતનાથ સ્વામિના વિશાળ ને ઉતુંગ જિનાલયમાં જઈ ભાવથી પૂજા કરી. હવે તો દેવસિંહ રોજ જંગલમાં જઇ કયારેક ફળો વિ. લાવીને ધન ભેગું કરતો તો કયારેક લાકડા લાવી વેચીને ધન ભેગું કરતો ને એમાંથી જે કંઈ ધન ભેગું થતું તેમાંથી અડધું ઘર વપરાશ માટે ને અડધું દરરોજ જિનેશ્વર ભગવંતોની પૂજા માટે નૈવેદ્ય લેવા જુદો રાખતો ને નિયમ પ્રમાણે રોજ થોડું થોડું નૈવેદ્ય લઇ ખૂબજ ભક્તિ ભાવપૂર્વક સ્તુતિ ચૈત્યવંદનાદિ દ્વારા વિશ્વબંધુ-વિશ્વતારક-કૃપાસિંધુ શ્રી જિનેશ્વર ભગવંતોની પૂજા કરતો સમય પસાર કરી રહ્યો હતો. એકદા દેવલોકમાં લાખો-કરોડો દેવોની સભા સૌધર્મેન્દ્ર મહારાજાની નિશ્રામાં ભરાયેલી. તેમાં ખૂદ ઇન્દ્ર મહારાજાએજ વાત વાતમાં કહ્યું કે અત્યારે ભરતક્ષેત્રના કંચનપુર નગરમાં દેવસિંહ જેવો ભગવંતનો ભક્તિને નિયમનો પ્રતિપાલક કોઇ નથી. લાખો-કરોડો દેવોની સભામાં ઇન્દ્ર મહારાજાએ દેવસિંહની જિનભક્તિ વિષે પ્રશંસા કરી. દુનિયામાં બધા માનવો સરખા હોતા નથી, પાંચ આંગળીઓ પણ સરખી નથી હોતી. તેમ બધા દેવો પણ સરખા નથી હોતા. લાખો દેવોમાંથી બે દેવ જે જરા મિથ્યામતિ વાલા હતા તે ઉભા થયા ને કહેવા લાગ્યા....સ્વામિન.... આપે અમારામાંથી કોઇની નહિંને એક અન્નનો કીડો એવા મનુષ્યની પ્રશંસા કરી એ સારું નથી કર્યું છતાંય આપ જેની પ્રશંસા કરો છો એ માનવ અમારી પાસે શી વિસાતમાં....! અમે નીચે કંચનપુર નગરમાં જશું ને તેની પરીક્ષા કરી ચલાયમાન કરી આવશું. આમ કહી એ બંને દેવો નીચે આવ્યા ને કંચનપુર નગરમાં જે બાજુ જિનાલય હતો એ બાજુ ભયંકર સિંહનું રૂપ લઈ ફરવા લાગ્યા. હવે જિનાલયમાં જે જે જૈનો દર્શન-પૂજા કરવા આવતા હતા તેઓએ જયારે જિનાલયમાં પ્રવેશ કર્યો ને જોયું તો સામે પગથીયા પાસેજ બે વિકરાળ સિંહ ઉભા હતા, આમ જોઈને ડરપોક એવા દર્શન કરવા આવેલા જૈનો તો દર્શન કર્યા વગરજ ભાગી ગયા આ બાજુ દેવસિંહ પણ રોજના ટાઈમ પ્રમાણે તૈયાર થઈને ભગવંતની નૈવેદ્ય વિ. દ્વારા પૂજા કરવા ઘરેથી નીકળી જિનાલયના દ્વાર પાસે આવ્યો ને એની નજર પણ સામે ઉભેલા સિંહ ઉપર પડી. આગળ જાય તો સિંહ મારીને ખાઈ જાયને ભૂખ પણ લાગી હતી, નિયમ હતો કે જિનેશ્વર ભગવંતની નૈવેદ્ય પૂજા કર્યા વગર મુખમાં અન્ન ને પાણી નાંખવું નહિં....

પણ મનને મક્કમ કરી જે થવાનું હશે તે થશે પણ તારણહાર ભગવંતની પૂજા તો જરૂર



For Private And Personal Use Only

કરવી. એમ વિચારી નિર્ભય થઇને નૈવેદ્યની થાળી લઇને એ તો જિનાલયની અંદર પ્રવેશ કરવા જ્યાં ભયંકર બે સિંહ ઉભા હતા ત્યાંથી જ ચાલ્યો ને સિંહ પાસેથીજ પસાર થઈને અંદર ગયો. ભગવંતની ભાવપૂર્વક પૂજા કરીને પાછો ઘર તરફ જવા લાગ્યો. પહેલાં જ્યાં સિંહ ઉભા હતા ત્યાં આવ્યો તો બંને સિંહ દેખાતા નહતા. હવે એ સિંહરૂપવાલા જે દેવ હતા તેમણે જોયું કે આ તો ભગવંતની ભક્તિ કરવામાં મક્કમ છે એટલે જ્યારે એ પૂજા કરી પાછો આવ્યો ત્યારે બંને દેવોએ મૂળ રૂપ ધારણ કરીને દેવસિંહ પાસે આવી એની પ્રશંસા કરીને કહ્યુ અમે દેવલોકના દેવો છીયે, ઇન્દ્ર મહારાજાએ તમારી પ્રશંસા કરેલી તેથી તમારી પરીક્ષા કરવા અમો આવેલા ને એ પરીક્ષામાં તમો ઉત્તિર્ણ થયા છો તે બદલ ધન્યવાદને સાથે તમારી આવી ઉચ્ચકોટીની શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિ જોઇને તમને વરદાન આપીયે છીએ કે આજથી સાતમા દિવસે મોટા રાજ્યના રાજાધિરાજ થશો, આમ કહી દેવો સ્વસ્થાને દેવલોકમાં ગયા. દેવસિંહ પણ આવો ચમત્કાર જોઈ આનંદ પામ્યો ને મનમાં વિચારવા લાગ્યો કે મેં થોડી ઘણી પણ શ્રી જિનેશ્વર ભગવંતની નૈવેદ્ય પૂજા કરીને નિયમ પાળ્યો તેનાથી દેવ પણ પ્રસન્ન થયા ને હવે મોટું રાજ્ય પણ પ્રાપ્ત થશે. પછી તો વિશેષ રીતે પૂજા-ભક્તિ કરવા લાગ્યો. હવે એને ૪) દિવસ પછી કોઇક કારણસર અન્ય નગર તરફ જવાનું થયું. જે નગર તરફ જતો હતો તે નગરમાં પહોંચતા બે દિવસ લાગે એટલું દુર હતો. અનુક્રમે ચાલતા ચાલતા એ તિલકપુર નામના નગરની સમીપે બે દિવસમાં પહોંચી આવ્યો. હવે જે દિવસે વરદાન આપેલ તેથી ૭માં જ દિવસે તે તિલકપુર નગરમાં પ્રવેશ કરે છે. હવે તે નગરનો મિત્રસેન નામે રાજા હતો. તે રાજાને સૂરકાંતા, ચંદ્રમાળા, મૃગાવતી વિ. નવ રાણીઓ હતી. રાજાને એ રાણીઓ દ્વારા તિલકમંજરી-રૂપસેના-પદ્માવતી વિ. નવ રાજકુમારીઓ થયેલી. રાજાને ભાવી વારસદાર પુત્ર એકેય ન હતો હવે એ નવે રાજકુમારી ભણી-ગણીને હોંશીયાર થઇ યુવાન વયને પામી. જે દિવસે દેવસિંહ તિલકપુર નગરમાં આવ્યો તે જ દિવસે એ નવે-નવ રાજકુમારીઓનો સ્વયંવર મંડપ રચવામાં આવેલ અનેક રાજા-મહારાજાઓ એ નવે કન્યાઓને પરણવા માટે સ્વયંવર મંડપમાં આવેલા. આ દેવસિંહ પણ નગરનું નિરીક્ષણ કરતો કરતો એ સ્વયંવર મંડપમાં પહોંચી ગયો. ત્યાં જઇને બધા રાજાઓની લાઇનમાં છેલ્લે બેસી ગયો. સ્વયંવરની શરૂઆત થઇને નવે-નવ રાજકુમારીઓ અપૂર્વ શણગાર સજીને મંડપની વચમાં આવીને દરેક હાથમાં પુષ્પમાળા લઇને ઉભી રહી. સ્વયંવર મંડપ શરૂ થાય છે એમ મંત્રીશ્વર શ્રી મતિસાગરે જાહેરાત કરીને નવે-નવ રાજકુમારીઓ ક્રમસર હાથમાં પુષ્પમાલા લઈ બધા રાજા-મહારાજા રાજકુમારોને જોતી-જોતી આગળ જવા લાગી. ઘણા રાજા-મહારાજા એક એકથી બળવાન ને રૂપવાન આવેલા પણ નવે નવ રાજકુમારીઓએ આમાંથી કોઈને પણ વરમાળા ન પહેરાવતા છેલ્લા ઉપર જ્યાં દેવસિંહ બેઠો ત્યાં આવીને દેવ સંકેતે એ નવે-નવ રાજકુમારીઓએ દેવસિંહના ગળામાં વરમાળા પહેરાવીને સ્વામી તરીકે સ્વીકાર્યા.

હવે જ્યારે રાજકુમારીઓએ કોઈ રાજા કે રાજકુમારને વરમાળા ન પહેરાવીને એક વણિકને પહેરાવી તેથી બધા એ દેવસિંહ ઉપર ક્રોધે ભરાયા, ને તેની સાથે લડાઈ કરવા તૈયાર થયા. દેવસિંહ પણ દેવ સંકેતે લડાઇ કરવા તૈયાર થયો. સામે મિત્રસેન-પૃથ્વીરાજ-મહામલ્લ-શુરસેન પ્રતાપસિંહ યશોધર વિ. અનેક સમર્થ રાજવીઓને પોતે એકલો છતાં મન મજબૂત કરી લડાઇ કરવા તૈયાર થયો, તરતજ કોઇક સૈનિક પાસેથી ઢાલ ને તલવાર ઝૂંટવી લઈ મરણીયો થઇ ઘણા રાજાઓને હજારો સૈનિકોની

વચમાં લડાઇ કરવા લાગ્યો. જે દેવે વરદાન આપેલ એ દેવો પણ સહાય કરવા આવી ગયા, આ રીતે પુણ્ય પ્રભાવે ને દૈવી સહાયે થોડા જ કલાકોમાં એ દેવસિંહે ઘણા રાજાઓને હણી નાંખ્યા, ઘણા ઘવાયા ને જે થોડા ઘણા રહ્યા તે તો આ કોઈ મહાપરાક્રમી લાગે છે એમ માની લડાઈ કરવી છોડી દીધી. આ લડાઈમાં નવ રાજકુમારીઓનો પિતા મિત્રસેન રાજા પણ હણાઈ ગયો. અંતે લડાઇ બંધ થઈને બધા રાજા ભેગા થઈને આ કોઈ પરાક્રમીને પુણ્યશાળી છે વિચારી નવે–નવ રાજકુમારીઓ સાથે માફી માંગી દેવસિંહને ઠાઠથી પરણાવીને મિત્રસેન રાજા અપૂત્રીયો મરણ પામેલો તેથી તે રાજ્ય ઉપર દેવસિંહને સ્થાપન કર્યો, દેવસિંહ પ્રકૃષ્ટ જિનભક્તિના પ્રભાવે મહાન રાજ્ય નવ-નવ રૂપવાન રાણીને હાથી-ઘોડા-સૈનિક વિ. સમૃદ્ધિ પામ્યો. બીજા રાજાઓને પોતાની આજ્ઞામાં રાખીને સન્માન સહ વિદાય કર્યા ને ન્યાય નીતિથી રાજ્ય ચલાવવા લાગ્યો, કંચનપુર નગરથી પોતાની પત્નીને પણ બોલાવી લીધી ને હવે તો મોટો રાજા બન્યો એ બધો પ્રભાવ જિનભક્તિનો છે એમ સમજી વિશેષ રીતે જિનભક્તિ પોતે કરવા લાગ્યો ને નગરજનોને પણ કરાવવા લાગ્યો. અનેક રાજાઓને પોતાના વશમાં કરી એકીચક્રી રાજા થઈ સમગ્ર ભારતવર્ષમાં જૈનધર્મનો જયજયકાર કર્યો અનેક વિશાળ જિનાલયો બંધાવ્યા, ઉપાશ્રય, ધર્મશાળા, પૌષધશાળા, જ્ઞાનભંડારો વિ. કર્યા પર્વસમ્રાટશ્રી પર્યુષણપર્વના દિવસોમાં નગરમાંથી સાતે વ્યસનોને દૂર કર્યા ને મહામહોત્સવ ઉજવવા લાગ્યો. શાસ્ત્રકારો પણ કહી ગયા છે કે શ્રી જિનેશ્વરે ભગવંતોની ધૂપપૂજા કરવાથી પાપો નાશ પામે છે, દીપપૂજાથી જગતમાં અમર થવાય છે ને નૈવેદ્ય પૂજાથી રાજ્ય વૈભવ પ્રાપ્ત થાય છે ને પ્રદક્ષિણાથી મુક્તિસુંદરી વરાય છે. દેવસિંહ રાજા પણ અનુક્રમે વૈરાગ્ય પામી દીક્ષા લઈ અનેક અનેક જીવોનેતારી મુક્તિવધૂને વર્યા.... આપણે સૌ પણ પર્વાધિરાજના પુનિત દિવસોમાં વિશેષ રીતે જિનભક્તિ કરી કર્મો ખપાવી શાશ્વત સુખના ધામ મુક્તિને વરીએ....

---

**Elernal of Valves for a Charging Society**

## Volume III and IV

## સંસ્થાને આ પુસ્તકો ભેટ મળ્યા તે બદલ આભાર સાથે સ્વિકાર

પુસ્તકમાં અનેક ચિંતન યોગ્ય વિષયો પર સુંદર પ્રકાશ પાડેલ છે. વિચાર દષ્ટિ તેમજ ચિંતન ક્ષેત્ર પર તેનો અજબ પ્રભાવ પડે તેમ છે. આજના પુસ્તકાલયોમાં વસાવવા યોગ્ય છે. આદર્શો, આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યાંકનો માનવ ઘડતરમાં કેળવણીનું સ્થાન, માનસિક, સામાજિક વિકાસ, સેવાની ફીલસુફી, માનવ, શ્રેષ્ઠતા, સંસ્કૃતનું મૂલ્યાંકન, વેદાન્ત અને રાષ્ટ્રીય જટિલ પ્રશ્નો, પ્રાચીન આર્ષદષ્ટિ અને અર્વાચિન શોધખોળો, વિજ્ઞાન અને આધ્યાત્મિકતા ઉપર મનનીય લેખો વિસ્તારપૂર્વક વિશ્લેષણ કરી મૂકવામાં આવેલ છે.

શ્રી જૈન આમાનંદ સભા

**ભાવનગર.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમાનાં ગુલમહોરોનું ઉપવન

પં. મહારાજશ્રી શીલચન્દ્રવિજય મહારાજ સાહેબ

એક વિદેશી વિચારકે કરેલી એક મજાની વાત હમણાં વાંચી: નિષ્ણાતો એ નતીજા પર પહોંચ્યા છે કે કોઇ પણ ભાષામાં ઉચ્ચારવામાં સહુથી મુશ્કેલ ત્રણ શબ્દો આ છે :–

'મારી ભૂલ થઈ ગઇ' આ સરસ જણાતી વાતમાં પણ, મારા હિસાબે, થોડોક ઉમેરો કરવો આવશ્યક છે. હું ઉમેરીશ: 'મિચ્છામિ દુક્કડં'ની ભાષા આમાં અપવાદરૂપ છે.

**મિચ્છા મિ દુક્કડં એટલે**
**મારી ભૂલ થઇ ગઈ.**
**મિચ્છા મિ દુક્કડં એટલે**
**મને ક્ષમા કરો.**
**મિચ્છા મિ દુક્કડં એટલે**
**ક્યારેય હું ભૂલ નહિ કરું.**

મિચ્છા મિ દુક્કડં એ ક્ષમાની તળપદી બોલી છે. જયારે પર્યુષણની સાધનાનો પરિપાક થાય છે, ત્યારે હૈયામાંથી આ બોલી આપોઆપ સરી પડે છે. ક્ષમા જો વીરનું ભૂષણ ગણાતી હોય, તો મિચ્છા મિ દુક્કડં એ મર્દોની વીર બોલી છે.

જાણ્યે-અજાણ્યે, ઇચ્છાએ કે અનિચ્છાએ; ઇરાદા પૂર્વક વગર વિચાર્યે, બીજાઓનું અશુભ બોલ્યા હોઈએ, વિચાર્યું હોય કે આચર્યું હોય તો તેને લીધે અંતરતલમાં જામી ગેલ ઈર્ષ્યા, દ્વેષ, રીસને અને ઉદ્વેગના કચરાને ઉલેચી ઉલેચીને આજે બહાર ફેંકવાનો છે હૈયાંની સફાઈ કરવાની છે. હૈયામાં વગર પરવાનગીએ, ગેરકાયદેસર, જામી પડેલી આ કચરાની વસાહતોને, આજે જડમૂળથી નાબુદ કરવાની છે. હવે ત્યાં ક્ષમા અને મૈત્રી, પ્રસન્નતા અને સમતાનાં ગુલમહોરોનું મીઠડું ઉપવન રચવાનું છે.

સાચુકલા હૈયામાંથી ઉગેલા મિચ્છામિ દુક્કડં-માં, આ તમામ કાર્યવાહી એકલે હાથે કરી છૂટવાનું સામર્થ્ય છે.

આ અણદીઠ સામર્થ્યનો સાચો ઉપયોગ અને ઉપભોગ પર્યુષણમાં લાખો જૈનો કરશે અને પર્યુષણને જ નહિ, પણ પોતાના જીવનને પણ, ક્ષમા અને મૈત્રીનાં ગુલમહોરનાં મીઠાં હાસ્યથી ભર્યું ભર્યું બનાવી દેશે. 卐

## આવો આત્માને ઓળખીએ

'આત્મા' નામનો કોઈ પદાર્થ આ સંસારમાં અસ્તિત્વ ધરાવે છે કે નહિ એ અંગે, પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયનન્દનસૂરિજી મહારાજ, એકવાર ખૂબજ વ્યવહારૂ છણાવટ રજૂ કરી હતી. આપણે છણાવટને તેમના પોતાના જ શબ્દોમાં માણીએ :—

લાંબી વાતોની જરૂર નથી, જગતમાં તમને જે વહાલમાં વહાલુ હોય એનું નામ આત્મા સમજવો. તમને દુનિયામાં વહાલામાં વહાલું કોણ છે? ધન? પુત્ર? શરીર? ઇંદ્રિયો? પ્રાણ? એ પહેલાં નક્કી કરીલો, એટલે બધું સમજાઇ જશે.

જગતમાં માણસને 'ધન' સૌથી પ્રિય છે. લક્ષ્મી બધાને વહાલી છે એને માટે માણસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બધું છોડીને પરદેશ જાય છે; ટાઢ-તડકા-વરસાદ બધું સહન કરે છે. ને પ્રભુનું ધ્યાન પણ મૂકી દે છે. માટે સૌથી વહાલું 'ધન' છે. અને એ ધન કરતા ય 'પુત્ર' વહાલો છે. ગમે તેટલું ધન હોય, પણ જો દીકરો માંદો પડયો હોય, એ બચે એવું ન હોય તો ડોકટર-વૈદ્ય કહે કે ફલાણી દવા લાવવી પડશે, તો એ માટે લાખો રૂપિયા ખર્ચવાય એ તૈયાર થાય છે. એટલે નક્કી થયું કે ધન કરતાંય 'દીકરો' વહાલો છે. પણ એ દીકરા કરતાંય 'શરીર' વહાલુ હોય છે. શરીર પર જ્યારે દુઃખ આવતું હોય ત્યારે માણસ ધન ને દીકરા બધું છોડી દે છે.

એક ડોશી હતી. એનો એક દીકરો હતો. બન્ને એક ઘરમાં રહેતાં હતાં. નાનુ એવું ઘર હતું ને બહાર ઓશરી હતી. બન્ને જણા ઓશરીમાં ખાટલા નાખીને સૂઈ રહે. એમાં એકવાર છોકરો માંદો પડયો એટલે ડોશી હંમેશા પ્રભુને પ્રાર્થના કરે કે, 'હે ભગવાન! તું મને લઈ જજે, પણ મારા દીકરાને બચાવજે, હેમ-ખેમ રાખજે.' એમાં એક દહાડો બન્યુ એવું કે પડોશીનું પાડું હતું, એ છૂટી ગયું, ને ફરતું ફરતું ડોશીના ખાટલા પાસે આવ્યું. હવે પાડાને એવી ટેવ હોય છે કે, જે એની નજરે ચડે તે મોંમાં નાખીને ચાવે. પેલું પાડું અહીં આવ્યું ને ડોશીનું ગોદડું મોં વડે ખેંચીને ચાવવા માંડયું. ગોદડું ખેંચાયું એટલે ડોશી જાગી ગઈ મોઢું ઉઘાડીને જોયું તો પાડો! ડોશી તો ભડકી જ ગઈ કે આ તો રોજ પ્રાર્થના કરતી હતી, તે આજે યમરાજ સાચેસાચ આવ્યો લાગે છે! એ તરતજ બેઠી થઇ ગઈ ને બોલી :- હે યમરાજ! તું ખાટલો ભૂલ્યો લાગે છે. તું જેને માટે આવ્યો છે એ ખાટલો તો આ મારી બાજુમાં છે. આ બતાવે છે કે દીકરા કરતાંય 'શરીર' વહાલું છે.

અને શરીરમાં પણ 'ઇંદ્રિયો' વહાલી છે. માણસ કોઇકવાર પડયો આખડયો હોયને એના હાથ પગ ભાંગ્યા હોય, તો કહે કે 'હાશ, હાથ પગ ભાંગ્યા તો ભલે ભાંગ્યા, પણ આંખ, કાન ને નાક તો બચી ગયા! પણ આ ઇંદ્રિયો કરતાં પણ એક વસ્તુ વધારે વહાલી છે. જ્યારે માણસ માંદો પડયો હોય ને એમાં એની આંખો ગઇ હોય, કાન પણ તૂટી ગયા હોય કે જીભ કચરાઇ ગઇ હોય, તો માણસ શું બોલે છે? હાશ, આંખ ગઈ તો ભલે ગઇ, પણ પ્રાણ તો બચી બચી ગયા. આ ઉપરથી ખબર પડી જાય છે કે ઇંદ્રિયો કરતાંય પ્રાણ વધુ વહાલા છે.

'આમ લક્ષ્મીથી પુત્ર વહાલો, પુત્રથી શરીર વહાલું, શરીરથી ઇંદ્રિયો વહાલી ને ઇંદ્રિયોથી પ્રાણ વહાલા છે. હવે એ પ્રાણ કરતાંય કોઈ વહાલું ખરું? તો કહે હા. એ કેવી રીતે? એ બતાવો. ત્યારે કહે છે; જો સાંભળ! માણસ જ્યારે માંદો પડયો હોય એને અસાધ્ય વેદના ઉપડી હોય; એ દુઃખ એવું હોય કે એને જ એની ખબર પડે; કોઇ એની વેદના લઇ ન શકે ત્યારે તમે એની પાસે જાવ તો એ શું બોલે? 'હવે 'મારો પ્રાણ જાય તો સારું!' ત્યારે પ્રાણ સૌથી વહાલો હતો, એ જાય તો સારું, એમ એ કહે છે, પણ એ પ્રાણ કોનો? તો 'મારો' એટલે પ્રાણ કરતાંય. જે 'મારો' બોલે છે, એ કોઈક વસ્તુ વધુ વહાલી છે, એ નક્કી થયું. એ કહે છે, 'હું તો રહુ, હું ન જઉં, પણ 'મારો' પ્રાણ જાય! ત્યારે એ પ્રાણ કરતાંય એક જુદી વસ્તુ છે અને એ આપણને વહાલી છે, એનું જ નામ 'આત્મા' છે.'

કેવી નિરાડંબર ભાષામાં કેવું ગૂઢ રહસ્ય સમજાવી દીધું છે. આ રહસ્ય સમજવા માટે પર્યુષણ પર્વ આવે છે. તેલાધરના દિવસે બપોરના 'ગણધરવાદ'નું વ્યાખ્યાન થશે અને એમાં આત્મા, કર્મ, પુણ્ય, પાપ, પરલોક ને મોક્ષ જેવા અતીન્દ્રિય તત્ત્વોના આસ્તિત્વની સુપેરે છણાવટ થશે.

આ છણાવટ આપણી અસ્તિકતાના દીવામાં તેલ પૂરવા સમાન બની હશે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણ પર્વની લોકોત્તર

## મંગલ ભાવના

જો શક્તિ મુજને મળે, તો આપું સહુને સુખ;
કર્મના બંધન ટાળીને, કાપું સહુના દુઃખ.

મુજને દુઃખ આપે ભલે, તો પણ હું ખમું તાસ;
સુખ પીરસવા સર્વને, છે મ્હારો અભિલાષ.

જગના પ્રાણી માત્રને, વહાલા છે નિજ પ્રાણ;
માટે મન-વચ-કાયથી, સદા કરૂં તસ ત્રાણ.

આશીર્વાદ મુજને મળો, ભવોભવ એ મુજ ભાવ;
ત્રસ-થસાવર જીવો બધા, દુઃખીયા કો નવિ થાય.

ભવોભવ એ મુજ ભાવના, જો મુજ ધાર્યું થાય;
તો શ્રી જિનસાસન વિષે, સ્થાપું જીવ બધાય.





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૈત્ર્યાદિ ભાવનાઓનું સામર્થ્ય

* લેખક : પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણીવર *

રાગ-દ્વેષાદિ ક્લેશ કહેવાય અને ઇર્ષા અસૂયાદિ ઉપક્લેશ કહેવાય છે, ક્લેશનું મૂળ ઉપક્લેશ છે.

સુખી પ્રત્યે ઇર્ષા, દુઃખી પ્રત્યે ઉપેક્ષા, ગુણી પ્રત્યે અસૂયા અને પાપી પ્રત્યે તિરસ્કાર જેમાંથી જન્મે છે - તે ઉપક્લેશ છે.

"સઘળું સુખ મને જ મળે અને સઘળું દુઃખ મારું જ ટળે," એ રીતે સુખ પ્રત્યે અનંત રાગ અને દુઃખ પ્રત્યે અનંત દ્વેષ એ ક્લેશ માત્રનું મૂળ છે.

"મારું દુઃખ ટળો તેમ બીજાનું પણ ટળો,
મને સુખ મળો એમ બીજાને પણ મળો."

એ વિચારથી ક્લેશ મંદ થાય છે.

મંદ ક્લેશને નિવારવા માટે, દુઃખ-દ્વેષને દુઃખનાં મૂળ પાપદ્વેષમાં, અને સુખરાગને સુખના મૂળ ધર્મરાગમાં વાળવાની જરૂર છે, કારણ કે દુઃખ એ પાપનું ફળ છે અને સુખ એ ધર્મનું ફળ છે.

ધર્મનો રાગ પુણ્યવાન પ્રત્યે, અસૂયાને બદલે અનુરાગ પેદા કરે છે તથા પાપનો દ્વેષ પાપી પ્રત્યે તિરસ્કારને બદલે અનુકંપા યુકત માધ્યસ્થ પેદા કરે છે. પુણ્યવાન પ્રત્યે હર્ષ અને પાપી પ્રત્યે મધ્યસ્થ એ અનુક્રમે પ્રમોદ અને ઉપેક્ષાભાવ છે.

આ રીતે રાગદ્વેષને નિર્મૂળ કરવાનું સામર્થ્ય મૈત્ર્યાદિ ભાવનાઓમાં રહેલું છે.

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ આ ચાર ભાવનાઓમાં પ્રથમ નંબરે મૈત્રી ભાવના છે, અને પછી પ્રમોદ કરૂણા અને માધ્યસ્થ્ય છે.

## મૈત્રી ભાવનું સામર્થ્ય :

મૈત્રી ભાવનાની પરાકાષ્ટાનું નામ પૂર્ણ અહિંસા છે, અને એ મૈત્રી ભાવનાનો જ્યાં જ્યાં જેટલા પ્રમાણમાં અભાવ, અને તે અભાવને દૂર કરવા માટેનાં પ્રયાસની ખામી; ત્યાં ત્યાં તેટલા પ્રમાણમાં હિંસા. પછી ભલે તે વ્યક્ત હોય, કે અવ્યક્ત હોય, જાણપણે હોય કે અજાણપણે હોય.

હિંસાનો સંબંધ, કેવળ પ્રાણનાશ સાથે છે. એવું નથી; પણ અન્ય જીવોનાં રક્ષણ અંગેના ઉપયોગની ખામી સાથે ય છે. જૈન શાસનમાં જેટલો જેટલો ઉપયોગ તે ધર્મ છે અને ઉપયોગની ખામી એટલે અધર્મ છે.

મતલબ કે અહિંસા, દયા, જીવમૈત્રી એ ધર્મનો પાયો છે. મૈત્રી ભાવના વગર કઠોર હૈયામાં કરૂણા આદિ ભાવનાઓ ઉગી શકતી નથી.

## કરૂણાભાવનું સામર્થ્ય :

કરૂણાભાવનું સામર્થ્ય બે પ્રકારે કાર્ય કરે એક તો, જે જીવમાં કરૂણાભાવ પ્રગટે તે છે જીવમાં "પાપાકરણ નિયમ" પ્રગટાવે છે; અને બીજું જે જીવો ઉપર કરૂણા પ્રગટે છે તે જીવોનાં ચિત્તમાલિન્યની નિવૃત્તિ કરે છે.

તે જીવો ત્રણ પ્રકારનાં હોય છે. શત્રુ, મિત્ર અને ઉદાસીન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ ત્રણે પ્રકારનાં જીવોમાં રહેલી, અપરાધ કરવાની વૃત્તિ દૂર થાય છે. ભગવાન શ્રી મહાવીર સ્વામીની કરૂણાએ ચંડકૌશિક સર્પનાં અપરાધની નિવૃત્તિ કરી હતી. એ દૃષ્ટાંત છે.

પ્રભુના અતિશયોનું રહસ્યભૂત તત્વ પણ મૈત્રી આદિ ચાર ભાવના સ્વરૂપ પ્રભુની અદ્ભૂત યોગ સંપદા છે. એમ શ્રી વીતરાગ સ્તોત્રના ત્રીજા પ્રકારના અંતે, મૂળાકાર, ટીકાકાર અને અવચૂર્ણિકારે સ્પષ્ટ કહેલું છે.

## પ્રમોદ ભાવનું સામર્થ્ય :

પોતાના હજાર અવગુણને અવગણીને પણ માનવી પોતાના નાનકડા ગુણને આગળ કરીને હરખાતો હોય છે. તેમ જે માનવીના હૃદયમાં પ્રમોદભાવ પ્રગટે છે, તે પરનાં નાનકડાં પણ ગુણની પ્રશંસા કરે છે. આ પ્રશંસા એ પ્રમોદનું વ્યક્ત સ્વરૂપ છે.

આ પ્રમોદભાવ જેના હૈયામાં હોય છે, તે પોતે સુકૃતરાગી બનીને, પરમાં સુકૃત્ય કરણની વૃત્તિને જગાડવાનું સુકૃત પણ કરતો હોય છે.

જે વ્યક્તિના જીવનના મૂળ મૈત્રીનો અમી સિંચાયેલો હોય છે, તે પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવની પાત્રતા પ્રગટાવીને સ્વ-પર શ્રેયસ્કર જીવન જીવી જાય છે.

## માધ્યસ્થ્ય ભાવનો પ્રભાવ :

હિંસા, ચોરી, જુઠ આદિ પાપો ભયંકર છે, એવાં પાપો કરીને પોતાનાં આત્માને કલંકિત કરનારા જીવો તરફ જેમને માધ્યસ્થ્ય ભાવને બદલે, ધૃણા યા તિરસ્કાર જાગે છે; તેમને જીવ-મૈત્રીનો સ્પર્શ થતો હોતો નથી. નહિંતર પોતાના સંતાનની કસુરને જે આંખે એની માતા જુએ છે, એ જ આંખે જોવાની સહજ વૃત્તિ જીવ મૈત્રી વાસિત હૈયાવાળા જીવને થવી જોઇએ.

પાપીમાં પાપી જીવ પ્રત્યે પણ અનુકંપા યુક્ત માધ્યસ્થ્ય ભાવ જાગવાથી, સ્વ ભૂમિકાની પુષ્ટિ થવા ઉપરાંત પરને એટલે કે તેવા પાપીને પણ પાપ નહિ કરવાની સદ્બુદ્ધિ જાગે છે.

માટે મૈત્ર્યાદિભાવો છોડીને સ્વાર્થ આદિમાં મનને જવા દેવું, એ આર્ત અને રૌદ્રધ્યાનનું સેવન કરવાનો અહિતકારી માર્ગ છે.

## સર્વ જીવોનું હિતચિંતન :

સર્વ જીવોના હિતચિંતનો ભાવ નિસર્ગથી કે અધિગમથી જાગ્યા વિના આત્મ-સમ દર્શિત્વ અને તેમાંથી ફલિત થતાં ક્ષાન્ત્યાદિ ધર્મો કેવી રીતે પ્રાપ્ત થઇ શકે ?

કોઇની સાથે વેર ન હોવું એ જ મૈત્રી છે. વેર ન હોવું એટલે અહિત ચિંતનનો અભાવ હોવો. અહીં "એ નિષેધ પ્રકૃત અર્થને કહે છે" એ ન્યાયે હિત ચિંતનનો ભાવ જ આવીને ઉભો રહે છે.

સર્વનું સુખ ઇચ્છવું એ મોહરૂપ નહિ પણ વિવેકરૂપ છે. શ્રી સંઘને ઉદ્દેશીને શાસ્ત્રકારોએ "पुत्रमित्र भ्रातृकलत्र....नित्यं प्रमोद कारिणः, नरपतय श्चाक्षीणकोष्ठात्रास भवन्तु" । વગેરે સૂત્રો રચ્યા છે. અને બ્રહ્મલોકની શાંતિ ચાહી છે, તે કેવળ ઉપદ્રવના અભાવરૂપ જ નહિ પણ સ્વાસ્થ્યના સદ્ભાવરૂપ પણ છે.

દર્દી વૈદ્ય પાસે જાય છે, તે સમયે તેના મનમાં દર્દથી મુક્ત થઈને શારીરિક સુખાકારી મેળવવાનો ભાવ હોય છે.

દર્દના હોવાપણામાં આરોગ્યનો અભાવ છે, અને દર્દના દૂર થવામાં આરોગ્યનો સદ્ભાવ છે, તેમ શાંતિની બાબતમાં, સંપત્તિની બાબતમાં અને લોકોત્તર સમતા આદિ ગુણોની બાબતમાં પણ સમજી લેવાનું છે.

સર્વત્ર હિતચિંતન રૂપ મૈત્રી અને સકલ સત્વ હિતાશય એ ધર્મમાત્રનો, યોગમાત્રનો અને અધ્યાત્મમાત્રનો પાયો છે.

શ્રી જિનાજ્ઞા પોતાનાં તુલ્ય પરને અને પર-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માત્મ તુલ્ય પોતાને, નિશ્ચયથી માનવાનું ફરમાવે છે, તે આજ્ઞાનો અસ્વીકાર અને સ્વીકાર એ અનુક્રમે ભવ અને મોક્ષનું બીજ બને છે.

જીવને આર્તધ્યાનથી છોડાવી અને ધર્મ-ધ્યાનમાં જોડાવા માટે તથા શ્રેણિ અને શુક્લધ્યાન સુધી પહોંચાડનાર સકલ સત્વ વિષયક સ્નેહ અને હિતચિંતાનાં પરિણામ છે. તેથી તે સ્વયં ધર્મધ્યાન રૂપ છે અને ધર્મધ્યાનનો હેતુ પણ છે.

શુક્લધ્યાનનું બીજ ધર્મધ્યાન છે, અને ધર્મ-ધ્યાનનું બીજ મૈત્ર્યાદિભાવો છે, મોક્ષમાં તે ભાવો નથી પણ સર્વાનુગ્રહકારક પરાર્થ સાર એવો સ્વભાવ, મોક્ષમાં પ્રગટે છે, તે પ્રકર્ષભાવને પામેલા મૈત્ર્યાદિભાવોનું જ પરિણામ છે.

સારાંશ કે, મૈત્ર્યાદિભાવો એ ધર્મમય જીવ-નનું જીવન છે, તેના સેવનમાં સ્વ-પર કલ્યાણ સમાયેલું છે.

પર્યુષણા પર્વ દરમ્યાન પાંચ કર્તવ્યો દ્વારા મૈત્ર્યાદિ ચારભાવોની જ પુષ્ટિ થાય છે.

જેમ કે ક્ષમાપના દ્વારા મૈત્રીભાવ પુષ્ટ થાય છે.

સાધર્મિક ભક્તિદ્વારા પ્રમોદભાવની પુષ્ટિ થાય છે સાધર્મિકમાં રહેલ ધર્મગુણને જોઈને સાધર્મિક પ્રત્યે વાત્સલ્ય પેદાં થાય છે.

અમારી પ્રવર્તન કરૂણાભાવને પુષ્ટ કરે છે અને અઠ્ઠમ તપ માધ્યસ્થ્ય ભાવને પુષ્ટ કરનાર છે માધ્યસ્થ્યભાવ એટલે ન્યાયવૃત્તિ-અત્યારે આપણે શરીર ઉપર રાગ અને આત્માની ઉપેક્ષા કરીને માધ્યસ્થ્યભાવનો લોપ કરીએ છીએ એ અવળી રીતિ અઠ્ઠમ તપ કરવાથી શરીરની ઉપેક્ષા અને આત્માની લાગણી દ્વારા દૂર થાય છે.

આ રીતે ધર્મકલ્પવૃક્ષનાં મૂળ રૂપ આ મૈત્ર્યાદિભાવો પર્યુષણાનાં કર્તવ્ય દ્વારા પુષ્ટ થાય છે અને આ મૈત્ર્યાદિ ભાવયુક્ત ધર્મ બતાવનાર શ્રી તીર્થંકર ભગવંતો છે તેથી ચૈત્ય પરિપાટી દ્વારા તેમની ભક્તિ કરાય છે.

પર્યુષણા દરમ્યાન આ પાંચ કર્તવ્યો દ્વારા મૈત્ર્યાદિ ભાવયુક્ત બનીને આત્માને પુષ્ટ બતાવનારા બનીએ.

---

પૂ. જિનેન્દ્ર વર્ણી-રચિત

## શાંતિપથ-દર્શન ખંડ-૨

### સંસ્થાને ભેટ પુસ્તક આપવા બદલ સાભાર સ્વીકાર

ગુર્જર ભાષાનુવાદ-**સુનંદા બહેન વોહોરા.** પુસ્તકમાં સાધના, ગૃહસ્થધર્મ, ગુરૂ ઉપાસના, સ્વાધ્યાય, સંયમ, અહિંસા, ભોજનાદિ, તપ, દાન, શ્રાવકધર્મ, અપરિગ્રહ, ઉત્તમક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ શૌચ, ઉત્તમ સત્ય, ઉત્તમ સંયમ, ધ્યાન, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન્ય, પરિષહજય તથા અનુપ્રેક્ષા, ચારિત્ર, સંલેખના, વગેરે સુંદરશૈલીમાં તેમજ સરળ ભાષામાં સચોટ દૃષ્ટાંતોથી સમજાવવામાં આવેલ છે. બાલ જીવોને ખૂબ ઉપયોગી છે. ઘેર-ઘેર વસાવવા જેવું છે. એક વખત નહિ પણ અનેક વખત વાંચી મનન કરવા યોગ્ય છે.

ઉડ રે પંછી ધીરે ધીરે ઊંચે ઊંચે ઉડ
અસત્, તમ, મૃત્યુ લોકથી
સત્ જ્યોતિ અમૃત લોક પ્રતિ
એ ઉક્તિ સાર્થક બનશે

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચાર સાથે વર્તનને જોડો

લે. રામેશ્વર દયાલ દુબે

**મ**નુષ્ય જે ખાય છે તેથી નહિ પણ જે કાંઇ પચાવી શકે છે તેથી બલવાન બને છે, ધન ઉપાર્જન કરે છે તેથી નહિ પણ જે કાંઇ બચાવી શકે છે તેથી ધનવાન બને છે અભ્યાસ કરે છે તેથી નહિ પણ જે યાદ રાખે છે તેથી વિદ્વાન બને છે. ઉપદેશ આપે છે તેથી નહિ પણ જે આચરણમાં મૂકાય છે તેથી વ્યક્તિ ધર્માત્મા બને છે.

અંગ્રેજ લેખક **શ્રી બ્રેકનના** આ કથનનો એકવાર નહિ પણ અનેકવાર અભ્યાસ કરવો જોઇએ. પઢવાનું જ નહિ પણ આ કીમતી કથન પર વિચાર કરવો જોઇએ. પછી વિચાર સાથે, વર્તનને જોડો કેટલો સરસ વિચાર હોય પણ તેને વર્તન સાથે જોડવામાં ન આવે તો ન સફળતા મળે, ન કોઇ ઉન્નાત જીવનમાં સાંપડે.

મહાત્મા બુધ્ધે એક એવા ભિક્ષુકને જોયો કે જનતા સમક્ષ ધર્મની સુંદર વ્યાખ્યા કરતો હતો, પરંતુ તેના પોતાના જીવનમાં શીલ અને આચારમાં તે શૂન્ય હતો, તથાગતે તેને કહ્યું, 'ભિખ્ખુ! શું કોઇ ગોપાલ જનતાની ગાયોને ગણતો રહે તેથી તે ગાયોનો માલીક બની શકે?

ભિક્ષુએ જવાબ આપ્યો" નહીં ભન્ત! માત્ર ગાયોની ગણત્રી કરનાર તેમનો માલિક ન થઇ શકે.

ત્યારે તથાગતે કહ્યું" જે શ્રમણ ધર્મ સંહિતાના પાઠ ગણ્યા કરે, તે ધર્મપાલના ન થઇ શકે. ધર્મને શબ્દોમાં નહિ પણ આચરણમાં વ્યક્ત કરો ત્યારે કલ્યાણ થશે મહાત્મા બુદ્ધના ઉપદેશે ભિક્ષુકને નવો પ્રકાશ આપ્યો. આચરણમાં અપનાવી તે કલ્યાણ માર્ગનો પથિક બની ગયો.

બીજ માફક સદ્દવિચારનું મહત્ત્વ કમ નથી. પરંતુ જ્યાં સુધી તેને આચારની ભૂમિ પર વપન કરવામાં ન આવે, સાધનાના જળથી સિંચિત કરવામાં ન આવે ત્યાં સુધી ઉત્તમ વિચાર પણ ફળદાયક બની શકે નહિ, વિચાર અને આચારના રથને બે ચક્ર છે. વિચારનું પૈડું ઘુમતું રહે પણ આચારવાળું ન ઘુમે તો રથ આગળ કેવી રીતે ચાલે? રથ તો ત્યારે જ આગળ વધે જ્યારે બન્ને પૈડાં ફરતા બને.

આચાર્ય બોધિ ધર્મ જ્યારે ચીનમાં ગયા ત્યારે ત્યાંનો રાજા દર્શન કરવા તેની પાસે આવ્યો. રાજાએ બૌદ્ધ ધર્મ સ્વીકારેલ હતો.

ધર્મ પ્રચાર અર્થે તેણે ખૂબ કાર્ય કરેલ-અને તેનું તેને અભિમાન હતું, તેણે આચાર્યને કહ્યું, "મેં અનેક બુદ્ધમંદિર, વિહાર, અનાથાલયો તથા ધર્મશાળાઓ બનાવ્યા છે. શું આ મારે માટે શ્રેયસ્કર બનશે?

આચાર્યનો સ્પષ્ટ ઉત્તર હતો—નહીં રાજા ચકિત થયો. થોડીવાર અટકીને ફરી પૂછ્યું," તથાગતનો સંદેશ ઘેર-ઘેર પહોંચાડવા મેં દૂતો મોકલ્યા છે. ત્રિપટકની હજારો પ્રતો મેં લખાવી છે-તે કલ્યાણકારી બનશે? આચાર્યનો ત્યારે પણ એકજ ઉત્તર હતો—નહીં. ભાવાવેગને દબાવતા રાજાએ પૂછ્યું," હવે આપ જ બતાવો કે મારૂં કલ્યાણ કઇ ચીજ-કયા કાર્યમાં છે? "આચરણની સાધનામાં"—આચાર્યનો ટૂંકો જવાબ હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વે ધર્મોમાં આચરણની મહત્તા ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. બાઈબલમાં એક સ્થાન પર, મહાત્મા ઈસુ કહે છે તું મને પ્રભુ! પ્રભુ! કહે છે, પરંતુ મારૂં કહ્યું તે કરતો નથી. જે આદમી મારૂં કહ્યું-સુણે છે અને તે અનુસાર આચરણ કરે છે તે એ આદમી સમાન છે કે જેણે ઉંડુ ખોદીને પોતાના મકાનના પાયા દૃઢ બનાવ્યા છે. પૂર આવે જોરદાર ટકરાન લગાવે તો પણ મકાન ન હલે કે ન જમીનદોસ્ત બને.

પણ જે સાંભળે છે અને તે અનુસાર આચરણ કરતો નથી તે તે આદમી સમાન છે કે જેણે ધરતી ઉપર મકાન બાંધ્યું છે પણ પૂર આવતાંજ તે ધરાશાયી બની જાય છે.

ગીતામાં પણ આચરણનું મહત્ત્વ બતાવ્યું છે. આદર્શ પુરુષની વ્યાખ્યા પણ આપી છે આચરણપર જોર આપ્યું છે. અર્જુનની સારી જિજ્ઞાસા મનુષ્યના શ્રેષ્ઠ આચરણ બાબતમાં જ છે તે ભગવાન કૃષ્ણને પૂછે છે કે શ્રેષ્ઠ પુરૂષ કેવી રીતે બોલે છે. કેવી રીતે બેસે છે કેવી રીતે ચાલે છે—અર્થાંત પ્રતિદિનના જીવનમાં તેનું કેવું આચરણ હોય છે? આચાર્ય વિનાબાએ એક સ્થાન પર લખ્યુ છે. કે **'આચાર'** શબ્દનો અર્થ છે કામમાં લાગી જવું જેનું જ્ઞાન (વિચાર) કાર્યરૂપ પરિણત બને છે તે **જ્ઞાની** છે.

ચીનની એક કહેવતમાં આચરણને ખૂબ મહત્ત્વ અપાયું છે કહેવત મુજબ હૃદયમાં પવિત્ર વિચાર હોવા જોઇએ પરંતુ તેને અનુરૂપ આચરણ હોવું જોઈએ, જો આચરણ સુંદર અને પવિત્ર હશે તો ઘરમાં શાન્તિ રહેશે. ઘરમાં શાન્તિ રહેવાથી, રાષ્ટ્રમાં સુવ્યવસ્થા રહેશે.

રાષ્ટ્રની સુવ્યવસ્થાથી સંપૂર્ણ વિશ્વ, સંપૂર્ણ સુખ અને શાંતિનો અનુભવ કરશે.

શુદ્ધ આચરણમાં અભિનયનો કોઇ અર્થ નથી નમ્ર ન હોવા છતાં લોકો નમ્રતાનો અભિનય કરે છે, પરંતુ આ અભિનય તેમને દૂર પહોંચાડી શકે નહિ. મંચ ઉપર વીરતાનો અભિનય કલાકાર બતાવી શકે છે. પરંતુ મંચની ઉતરતાજ તે આરોપિત વીરતા વ્યર્થ બને છે, જયારે શુદ્ધ મનથી, હૃદયની સાચી શક્તિ લગાવીને, પવિત્ર વિચારને આચારમાં ઉતારવામાં આવે છે ત્યારે વ્યક્તિ બોલતી નથી પણ તેનું વ્યક્તિત્વ બોલતું બને છે.

ચારિત્રવાન વ્યક્તિની સુગંધ પોતાની આજુ-બાજુ મધુર વાતાવરણની સૃષ્ટિ સર્જે છે, તે કોઈને નિમંત્રણ કરતો નથી લોક સહજ રીતે તેના તરફ આકર્ષાય છે જેવી રીતે ભમરાઓનો સમુહ કમળ તરફ ખેંચાતો રહે છે. આચરણની દૃષ્ટિથી જયારે આપણે વર્તમાનયુગને જોઇએ છીએ ત્યારે બડી નિરાશા સાંપડે છે, કથની અને કરણીમાં આકાશ-પાતાળનું અંતર આવી ગયું છે. માનવી ચરિત્ર જેવી કોઇ વસ્તુ બતાવતો નથી, વર્ષો પહેલાં સર રાધાકૃષ્ણજીએ કહ્યું હતું, 'ભારતને આ સમયે અન્નની કમી નથી, સુખ-સાધનોની કમી નથી. પ્રત્યેક દિશામાં ભારત આશાતીત ઉન્નતિ કરી રહેલ છે. બીજી કોઈ વસ્તુનો અભાવ નથી, અભાવ છે ફકત ચારિત્રનો" આવતા દિવસોમાં જે ઘટના ઘટી રહી છે–તે તેનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

સ્થિતિ વિષમ છે, પરંતુ નિરાશ બનવાની કોઇ જરૂરત નથી. સદ્‌વિચારોની સદ્‌જ્ઞાનની ભારતમાં કમી નથી. પં. નેહરૂજીએ કહ્યું હતું "ભારતની વિચારોની ઉંચાઈ કોઇ અન્ય દેશ પામી શકયો નથી. પરંતુ આચાર? તે બાબતમાં શું કહું? ફકત કહેવાથી કાર્ય સરતું નથી."

વિચાર અને આચારની આ અંતર પાર કરવાનું છે વિચારને આચાર સાથે જોડવાનો છે. તેથીજ આપણા સમાજ અને દેશનું કલ્યાણ છે.

'જૈન જગત'ના સૌજન્યથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હે ગૌતમ ! પ્રમાદ ન કર

લેખક : રતિલાલ માણેકચંદ શાહ

પ્રમાદ ન કર એવો પ્રથમ બોધ, ગૌતમ ગણધરને ઉદ્દેશીને પરમકૃપાળુ વીતરાગ ભગવંત મહાવીરે આપ્યો હતો, તેનું કારણ એ છે કે ઉત્કટ ઉત્કૃષ્ટએવો મનુષ્ય જન્મ પ્રાપ્ત થયા બાદ સાંપ્રતકાળની એક એક ક્ષણ જે વ્યતીત થઈ રહી છે તે આપણા માટે અત્યંત ઉપયોગી છે, જો તે ક્ષણોનો સદોપયોગ કરી લઈએ તો; ભવભ્રમણમાંથી મુક્ત થઈએ તેમ સત્પુરુષો કહી ગયા છે.

આવો અમૂલ્ય સમય જો આપણે પ્રમાદ કરી મોહ, માન, માયા લાભ, વિષય કષાયો (જેને શાસ્ત્રોમાં પ્રમાદ કહ્યો છે), તેની પછવાડે વેડફી દઈએ, તો અસારએવા આ સંસારમાં આપણે જે આવન-જાવન કરી રહ્યા છીએ, તે ભવના ફેરા કેમ ટળે? જન્મ છે તો મરણ પણ છે. માટે જન્મવુંજન પડે તેવો પુરુષાર્થ સાંપ્રતમાં મળેલ સુસમયમાં આચરી લેવો અત્યંત આવશ્યક છે. તે ક્યારે બને કે જ્યારે આપણે પ્રમાદને લુપ્ત કરી દઈએ અને સ્વભાવમાં સ્થિર થઈએ ત્યારેજ જન્મ છે તો શરીરનો સંબંધ છે, તે શરીર માટે અનાદિનીઅજ્ઞાન દશાને કારણે સંપૂર્ણ જિંદગી તેની આળ-પંપાળ પાછળ તેમજ વિષય કષાયો પાછળ એવી ગૂમાવી દઈએ છીએ તો પછી પૂર્ણતાએ પહોંચવાનો પુરુષાર્થ ક્યાં ભવમાં અને ક્યારે આચરીશું ? આ એક વિચારવા જેવો પ્રશ્ન છે.

આત્મા સ્વતંત્ર બને (સ્વસ્વરૂપમાં લીન રહે) તે તરફનો પુરુષાર્થ સવિશેષે મનુષ્ય પર્યાયમાંજ થઈ શકે છે. કારણ કે બીજી યોનિઓ કરતાં મનુષ્ય જન્મ એટલા માટે સર્વશ્રેષ્ઠ કહેવામાં આવ્યો છે કે વિશેષમાં તેને બુદ્ધિ મળેલી છે, તે બુદ્ધિપ્રધાન ગણાય છે, વિચારી શકે છે, મંતન કરી શકે છે, નિષ્કર્ષ કરી શકે છે, સત્ય, અસત્યનો નિર્ણય લઈ શકે છે, વીતરાગ ભગવંતે ચીંધ્યા માર્ગે પગ માંડી શકે છે અને તેમાં પુરુષાર્થથી આગળ વધતા તેમજ વીર્યને ફોરવતાં છેવટે પૂર્ણતાએ પણ પહોંચી શકે છે જો પુરુષાર્થ તે તરફનો હોય તો. આ માટેજ મનુષ્ય જન્મ આપણને મળેલ છે પરંતુ આપણે ભ્રાંતિથી ભૂલીને વિભાવદશામાં આળોટીએ છીએ અને અનંતા ભવો ભોગવવાના કાર્યો કરવા મચી પડીએ છીએ જે આપણી ભયંકર ભૂલ છે. માનેલા થોડા ક્ષણિક સુખ માટે અનંતા ભવોના દુઃખ હાથે કરીને માંગી લઈએ છીએ.

જે મનુષ્ય ભવ દેવોને પણ દુર્લભ ગણાય છે, તે આપણને સાંપ્રતમાં મહા પુણ્યના વિપાક રૂપે સ્હેજે પ્રાપ્ત થયેલ છે, તો તેનો સદ્દોપયોગ કરીએ અને પ્રમાદમાં ન ફસાતા, આત્મ લક્ષે એવો પુરુષાર્થ આચરીએ કે જેથી ઝાઝા ભવો કરવા ન પડે અને મુક્તિપથના પ્રવાસી બનીએ, ગમે તે ભવમાં, ગમે તે સમયે આમ કર્યા સિવાય ઉદ્ધાર થવાનો નથી જો આપણે અક્ષય સુખનો અવિષકાર કરવા માંગતા હોઈએ તો દુઃખ તો કોઈને પણ ગમતું જ નથી, સુખને સહુ આવકારે છે. પણ તે ક્ષણિક આપણે માની લીધેલું સંસારનું સુખ નહિ તે તો દુઃખ મિશ્રિત



For Private And Personal Use Only

છે; એટલે કે, તે સુખ પછવાડે દુઃખ ડોકિયાં કરતું જ હોય છે. આપણને તો ખપે અક્ષય સુખ પૂર્ણ સ્વતંત્રતા કે જયાં અનંતા અક્ષય સુખમાં આળોટતા હોઇએ. તેનેજ સાચું સુખ કહી શકાય આ મેળવ્યા સિવાય છૂટકો નથી. જયાં સુધી આવી સ્થિતિ પ્રતિપાદન ન કરીએ, ત્યાં સુધી ભયંકર દુઃખ પ્રદાન એવી ચારગતિમાં આવન-જાવન ચાલુ રહે છે. જેથી નિગોદ-નારકીના ભયંકર દુઃખો અનંતો કાળ ભોગવવા પડે છે જે-નિઃશંક હકીકત છે કારણ કે તે દુઃખો કેવળી ભગવંતે પોતાના જ્ઞાનમાં જોયા છે, અને વર્ણવ્યા છે, જે તદ્દન સત્ય છે. આપણો આત્મા નારકી-નિગોદમાં જવા પણ સ્વતંત્ર છે, તેમજ મોક્ષનો આવિષ્કાર કરવા પણ સ્વતંત્ર છે, જે તરફના તેના પ્રયત્નો, કયાં જવું અને કેવો પુરૂષાર્થ આચરવો ? તે પોતાનેજ વિચારવાનું છે.

કલ્પિત-લીધેલા થોડા સુખ માટે, અનંતા કાળ સુધી દુઃખો વહોરી લેવા તે શું બુદ્ધિશાળી માનવી માટે યોગ્ય ગણાય? ઝાઝો નફો મૂકી ભયંકર ખોટનો ધંધો કોણ કરે? મૂર્ખ માનવી કે બીજો કોઇ? તો આપણે પણ તેમાં ખપવું છે? જો કે આજની આપણી કાર્યવાહી તો એવીજ છે, તો હવે આપણે શું કરવું છે? તે નક્કી કરી લઇએ, અને વિભાવદશામાંથી, સ્વભાવદશામાં આવીએ, વીતરાગ ભગવંતે કહેલા તત્ત્વોને જેમ કહ્યા છે તેમ સમજીએ, શ્રધિએ, અનુભવીએ, સમકિતને પ્રાદુર્ભૂત કરીએ. આત્માની અનુભૂતિ કરી સ્વસ્વરૂપના ગુણોનું પ્રગટી કરણ કરીએ સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન, સમ્યગ્‌ચારિત્રની ઐકયતા સાધી, શુકલધ્યાન ધ્યાવી છેવટે રાગ-દ્વેષને લુપ્ત કરી પૂર્ણતાને પામીએ.

જે ક્ષણો પ્રમાદમાં પસાર થાય છે, તે માટે સંતો પણ પસ્તાતા હોય છે. તો પછી આપણા જેવા વિભાવભાવમાં આળોટતા જીવોએ તો પ્રમાદથી બચવાનિતાંત જાગૃત રહેવું ઘટે, તેમ સત્‌પુરૂષો કહી ગયા છે.

પ્રમાદની વ્યાખ્યા કરતાં, વીતરાગ ભગવંત કહી ગયા છે કે, સંસારની પ્રત્યેક પ્રવૃત્તિમાં પાગલ બની ઘૂમવું તે પ્રમાદ છે, વિભાવદશા તે પ્રમાદ છે. વિષય-કષાયોમાં રાચવું તે પ્રમાદ છે, બાહ્યની પ્રત્યેક પ્રવૃત્તિ પ્રમાદજ છે, જયારે સ્વ-સ્વરૂપની રમણતાં (અનુભૂતિને) ને સ્વભાવ દશા કહેલી છે તે સમયનો સદોપયોગ છે, તેજ સાચો પુરૂષાર્થ છે પ્રમાદનો સંકુચીત અર્થ એટલો જ નથી કે આળસમાં પડયા રહેવું, પ્રમાદનું સાચું અર્થ-ઘટન એ છે કે સંસારમાં રાચવું તે.

અનંતા ભવોમાં અકામ નિર્જરાથી જે પુણ્ય બંધાય છે, તેના કરતાં સહસ્ત્ર ઘણું પુણ્ય સકામ નિર્જરાથી ક્ષણાર્ધમાં બંધાય છે, આત્માની શકિત અનંતી છે; અને તે સંપૂર્ણ સ્વતંત્ર છે તે ક્ષણમાં નારકી-નિગોદનો અધિકારી બની શકે તો ક્ષણાર્ધમાં મોક્ષે પહોંચવાનો પુરૂષાર્થ પણ આચરી શકે છે, અગમ્ય આત્મ અનુભવ મનુષ્ય જન્મમાં જ સવિશેષે થવા શકયતા છે; બીજા ભવોમાં તે થવું દુર્લભ છે.

આત્માને સંયોગે મલેલું આ શરીર જે એક દિવસે અહીં છોડીને ચાલી નીકળવાનું છે, આવાતો અનંતા શરીરો આ આત્માએ મેળવ્યા અને છોડયા છતાં એકે શરીર આપણું થયું નહિ અને થશે પણ નહિ તેને માટે મોહ, માન, માયા, લોભ, વિષય-કષાયો જે અનંતાનું બંધી છે તેને આચરીએ અને સ્ત્રી, પુત્ર, પરિવાર, લક્ષ્મી વાડી-ગાડી, બાગ, બગીચા પછવાડે મમત્વ કરી અનંતા કર્મો ઉપાર્જન કરી (જે આત્માને જ ભોગવવા પડશે) ઉત્કટ ઉત્કૃષ્ટ એવા મનુષ્યભવને વેડફી દેવો તે શું યોગ્ય છે? સંસારનું માનેલું સુખ ક્ષણાર્ધ પુરતું જ છે અને દુઃખો અનંતા ભોગવવાના છે તે દુઃખમાંથી કોઇ છોડાવી પણ શકતું નથી, જે નિઃશંક હકીકત છે, વિષય, વાસના, મોજ, શોખ, એશ, આરામ, અમન-

(અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અષાડા મુનિને કેવળજ્ઞાન

લેખક : રમેશ લાલજી ગાલા લાયજા-મોટા

જીવન ચક્રની ચાર ગતિઓમાં મહામૂલું અવતાર હોય તો માનવ અવતાર છે. કારણ વિશ્વના બધા જીવો કરતા આ માનવ જીવને મુક્તિ મેળવવા માટે બધી સામગ્રીઓ મળી ચુકી છે. જો કે અપેક્ષાએ ગણીએ તો દેવ ગતિ પણ ઉત્તમ છે પણ શાસ્ત્રકારો દેવગતિ કરતાં માનવ ગતિને સર્વોત્તમ ગણી છે એનું કારણ એ છે કે મનુષ્ય સિવાય કોઈ પણ જીવ મુક્તિ માટે પ્રયત્ન કરી શકતો નથી જ્યારે મનુષ્યને મનસંજ્ઞા પુરે-પુરી હોવાથી મુક્તિ માટે પુરુષાર્થ કરી શકે છે અને દર્શન જ્ઞાન-ચારિત્ર થકી શાશ્વત સુખને પામી શકે છે એટલે જ ચાર ગતિઓમાં શાસ્ત્ર-કારો મનુષ્યને સર્વ શ્રેષ્ઠ માન્યું છે.

તે પણ પુન્ય હોય તોજ માનવ અવતાર લભ્ય થાય છે તેમાં પણ અનંતભવોની મહાન પૂન્ય કમાણી હોય ત્યારે ઉત્તમ જાતિ, જૈન કુળ, આર્યવંશ અને દેવ-ગુરૂ ધર્મ સાંપડી શકે છે. આ બધું હોવા છતાં ઈષ્ટ ધર્મ પર પુરેપુરી શ્રદ્ધા જાગવી એ સર્વોત્કૃષ્ટ કોટિનું પુન્ય ઉપાજર્ન કર્યાનું ફળ છે

ખરું વિચાર કરીએ તો આ બધું કલિયુગમાં પ્રાપ્ત હોવા છતાં પામર એવા આપણે કયાં માર્ગે ? ફક્ત થોડાક જ સુખ-તૃષ્ણાને છિપાવવા માટે અત્યંત અધમ કોટિનું પાપ કરી નરકના બારણે ઉભા રહી જઈએ છીએ એ શું આપણા સૌને માટે અનર્થકારી નથી ?

અરે ! અત્યારના વિષમકાળમાં રસેન્દ્રિય એટલે ગાંડી બની ગઈ છે કે ઉત્પન્ન થયેલ લાલસાને છૂપાવવા નવા નવા નાટક કરી ન કરવા જેવા કૃત્યો કરી ઘોર અંધારમય પટમાં જીવને ધકેલી મુકે છે. અહાહા ! થોડીક બુદ્ધિવાળા અગર તો અસંયમી જીવોને છોડી દો સંયમી અને સાધુ વેષને ગ્રહણ કરેલા એવા ત્યાગી ભગવંતો પણ આજના ભયંકર કાળમાં જીભની બેદરકારી પાછળ પોતાનું ચારિત્ર ભુલી ગયા છે.

શાસ્ત્રો કહે છે કે આહાર શરીર માટે છે નહિં કે આત્માને પોષવા માટે આત્મા તો તપના બળથી અર્થાત્ આહાર સંજ્ઞાના ત્યાગથી જ પુષ્ટ બને છે પણ આજે રસેન્દ્રિય ઉપરથી કાબૂ છૂટી ગયો છે એટલે દરેક જીવ ખાલી આહાર પાછળ અનેક ભવોની પુણ્ય કમાઈ પલવાળમાં નાશ કરી પાપની કમાણી કરી મૂકે છે જેનાથી તે નરકવાસી થાય છે અને ઘોર પાપ ભોગવે છે અરે ! આહાર સંજ્ઞાને લીધે રાજર્ષિ અને ચક્ર-વર્તિઓ પણ ગમ ખાઈ ગયા છે અને નરકગામી બની ગયા છે.

માટે જ ભજન કિર્તન અને પ્રાર્થનામાં દીલ લગાવવા આહાર સંજ્ઞા પર સંપૂર્ણ કાબૂ મેળ-વવો જોઇએ. એક લેખકે લખ્યું છે કે જ્યાં સુધી જીવનમાંથી આહાર સંજ્ઞા દૂર નથી થઇ, ત્યાં સુધી પાંચે ઈન્દ્રિઓ આત્માને સતાવી રહી છે એને આગળ વધવા દેતી નથી પણ જ્યારે આહાર સંજ્ઞા જીવનમાંથી ભાગી ત્યાં તરત જ આત્માના ગુણો પ્રગટ થવા માંડશે ' આ 'ના પર અષાડા મુનિનું દૃષ્ટાંત જાણવા જેવો છે.

ભર યુવાન વયમાં સંયમના પંથે ગમન કરનાર અને માસક્ષમણના પારણે માસક્ષમણ કર-નાર " અષાડા મુનિ " જીભની લાલસા ખાતર એક વખત સિંહ કેશરી લાડુની શોધમાં પટકાયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધુને હમેશા દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવની તકેદારી રાખી વિચરવાનું હોય છતાં જીભની ઇચ્છાને સંતોષવા સાધુ આચારના બધા નિયમો તોડી રાત્રિના મધ્યાહન સુધી ભટકી એક શ્રાવકના ઘરે બારણું ખટખટાવી ધર્મલાભને બદલે સિંહ કેશરી-સિંહ કેશરી કહેતાં ઉભા રહ્યા. પેલો શ્રાવક જૈન ધર્મ ઉપર શ્રદ્ધાવાળો અને વિવેકી હતો. ક્ષણવારમાં સમજી ગયો કે 'મુનિ ભગવંત આવા સમયે, આ વેણ સાથે નહિ. ચિત્તભ્રમની શંકાથી બધી વાનગી બતાવતા-બતાવતા સિંહ કેશરી લાડુ વહોરાવ્યા આનંદદિત અને હસમુખા ચહેરે પાત્રામાં મહારાજે લીધા. પછી પાછા વળવા તૈયાર થયા ત્યારે શ્રાવકે વિચાર્યું હવે એમને ચેતવવા પણ કેવી રીતે, તરત જ શ્રાવકે કહ્યું મહરાજ શ્રી પુરિમડઢ વડઢનો સમય કેટલો રહ્યો. આ સાંભળી તરત જ મુનિ બારી તરફ નજર કરે છે. મધ્યાહન ખરો પણ રાત્રિનો ચંદ્રમાં જોવાયો અને જોતાની સાથે એમને બધું યાદ આવી ગયું; યાદની સાથે પશ્ચાતાપથી બળવા લાગ્યા અને શ્રાવકને કહેવા લાગ્યા હે સુશ્રાવક! આજથી તું મારો ગુરૂ, હવે આજની રાત એક ખંડમાં જગ્યા આપ સવાર થતાં મારા સ્થાને ચાલ્યો જઇશ.

હવે આ બાજુ બીજા દિવસની સવારે ઉપાશ્રયે જઈ ગુરૂ મહારાજ પાસે પ્રાયશ્ચિત માંગે છે ત્યારે ગુરુ કહે છે પહેલા તમે આ આણેલ 'દ્રવ્ય' બહાર "પરઠવી" આવો. ગુરુનો વચન સાંભળી તરત જ આણેલ "દ્રવ્ય" 'પરઠવા નીકળ્યા અને પરઠવવા અષાડા મુનિને "કેવળજ્ઞાન" ઉત્પન્ન થયું.

એક કવિએ પણ સાચું જ કહ્યું છે કે....

આહાર નિદ્રા અને મૈથુન હોય બધા જીવને
એ ચારનો છેદ ખરેખર હોય કેવળજ્ઞાનીને.

---

( અનુસંધાન પેજ ૧૫૫નું ચાલુ )

ચમન, ચમક દમકમાં બીજા સહભાગી બની શકે છે પણ તેથી બંધાયેલા કર્મો વિપાક બની જ્યારે ઉદયમાં આવે છે ત્યારે આ આત્માજ તેને ભોગવે છે, અને ભોગવતી વખતે પાછો રાગ-દ્વેષ કરી નવા કર્મો ઉપાર્જન કરે છે આ પ્રમાણે ભવભ્રમણનું વિષચક્ર ચાલુજ રહે છે, માટે પ્રમાદને છોડ અને સત્યપથનો પથિક બન.

લક્ષ્મી ચપળ છે, આયુ અસ્થિર છે, સગા-સંબંધીઓ સ્વાર્થી છે, સંયોગ વિયોગ માટે છે, આ ભવની સ્ત્રી આવતા ભવમાં કદાચ માં પણ હોય, માં સ્ત્રી પણ બને, પુત્ર પિતા બને, પિતા પુત્ર બને કર્મની લીલા ગહન છે, તેમ મહાકૃપળુ ત્રિશલાનંદન ભગવાન મહાવીર કહી ગયા છે, માટે વિભાવમાંથી સ્વભાવમાં આવ તેનો અનુભવ કર, તેમાં રમમાણ બનીજા, સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્ર જે આત્માના મૂળ ગુણો છે તેનું પ્રગટીકરણ કર, શુકલધ્યાન ધ્યાવી રાગ-દ્વેષને વિલીન કરી પૂર્ણતાએ પહોંચવાનો પુરુષાર્થ આચરવો તે આપણું ધ્યેય હોવું ઘટે. તે માટે તે તરફનો પ્રયત્ન શરૂ કરવો અત્યંત આવશ્યક છે, તે ત્યારેજ બને કે જ્યારે આપણે પ્રમાદને વિલીન કરીએ અને સ્વનો અનુભવ કરીએ ત્યારેજ.

---

## ઘરમાંથી જીવ-જંતુઓને કેમ દુર કરશો?

૧ માખીઓ ખૂબ થતી હોય તો આંબાના પાન અથવા લીમડાના પાનનો ધુમાડો કરવો.

૨ એક રતલ ફટકડીને પાણીમાં ઉકાળીને, પછી તે મિશ્રણ ઘરમાં જ્યાં જ્યાં માંકડ થતા હોય ત્યાં ચોપડવું. આમ કરવાથી માંકડનો ઉપદ્રવ ઓછો થશે.

---

## —: ક્ષમા યાચના :—

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઈ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.

**— તંત્રી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠી શ્લાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શ્લાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભુક્તી પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદતા આખ્યાન | ૮-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૭-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૪-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫ ૦૦ |
| ,, ,, ભાગ ૨ | ૩૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૨-૫૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| ~~બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ~~ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| ગુરૂભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)



તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.


For Private And Personal Use Only